# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) બે હજાર રૂપિયા સુધીના UPI વ્યવહારો પર કોઈપણ શુલ્ક લાદી શકાશે નહીં તેવી સરકારની સ્પષ્ટતા.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ 2026ના સફળ સમાપનની પ્રશંસા કરી.

3) CID એ ઝારખંડમાં પ્રિલિમિનરી પરીક્ષામાં કથિત ગેરરીતિઓના એજન્ટ સંજીત કુમારની ધરપકડ કરી.

4) વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ 2026નો આજથી ગુજરાતના ગાંધીનગર ખાતે પ્રારંભ.

5) સરકારે,નેપાળને આ વર્ષે 31 ડિસેમ્બર સુધી 18 કલાક વીજળી નિકાસ કરવાની મંજૂરી આપી.

6) પુરુષ ક્રિકેટમાં, ભારત આજે બીજી ટી20 મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# UPI PAYMENT

સરકારે સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ બેંક અને ઓન લાઇન ચુકવણી સિસ્ટમ 2,000 રૂપિયા સુધીના UPI વ્યવહારો પર શુલ્ક લાદી શકશે નહીં.

નાણા મંત્રાલયે ગઈકાલે આ અંગે સૂચના બહાર પાડી હતી. તેમાં RuPay દ્વારા કરવામાં આવતા 2,000 રૂપિયા સુધીના UPI વ્યવહારો અને ડેબિટ કાર્ડ ચુકવણીઓને ઇલેક્ટ્રોનિક ચુકવણી મોડ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવી હતી જેના માટે ગ્રાહકોને  આ સેવાઆઓ નિશુલ્ક આપવાની રહશે

સંસદમાં કરવેરા અને અન્ય કાયદા (સુધારા) અધિનિયમ પસાર થયા બાદ UPI ચુકવણીઓ પર સંભવિત શુલ્ક અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી તેના જવાબમાં મંત્રાલયે આ સ્પષ્ટતા કરી હતી.

# EXTERNAL AFFAIRS MINISTER DR. S. JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ 2026ના સફળ સમાપનની પ્રશંસા કરતા કહ્યું કે વિશ્વએ ભારતની મજબૂત સંયોજક શક્તિ જોઈ, કારણ કે મોટાભાગના રાષ્ટ્રના વડાઓ તેમના દેશોનું પ્રતિનિધિત્વ કરવા માટે ઉપસ્થિત હતા.

ડૉ. જયશંકરે માહિતી આપી કે 11 સભ્ય દેશો, 10 ભાગીદાર દેશો, ચાર પ્રાદેશિક સંગઠનો અને સાત આંતરરાષ્ટ્રીય સંગઠનોમાંથી 32 પ્રતિનિધિમંડળો આવ્યા હતા.

(સાંભળીએ એક અહેવાલ –શક્તિ સિંહ)

# CHIEF JUSTICS OF INDIA

ભારતના મુખ્ય ન્યાયાધીશ ન્યાયાધીશ સૂર્યકાંતે,ન્યાયાધીશો સામેની ફરિયાદોના નિરાકરણ માટે સુપ્રીમ કોર્ટ અને ઉચ્ચ અદાલતો દ્વારા વિકસાવવામાં આવેલી પદ્ધતિને મજબૂત અને સમયસર ગણાવી છે.

નવી દિલ્હીમાં છઠ્ઠા રામ જેઠમલાણી સ્મારક વ્યાખ્યાનમાળાને સંબોધતા, તેમણે ન્યાયતંત્રમાં સતત સુધારા અને વધુ પારદર્શિતાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે, સુધારા એ ધોરણ રહેવું જોઈએ અને કોઈપણ સંસ્થા સ્થિર રહેવાનું ગૌરવ લઈ શકે નહીં. તેમણે કહ્યું કે ન્યાયતંત્રે પોતે ટીકાના મહત્વને સ્વીકાર્યું છે.

# PM

શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપની જીત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે,રાજસ્થાનના લોકોએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે તેઓ ડબલ એન્જિન સરકાર હેઠળ સુશાસન અને વિકાસની નીતિઓને સંપૂર્ણ સમર્થન આપે છે. આનાથી રાજ્યને માત્ર પ્રગતિની નવી ઊંચાઈઓ પર જ નહીં પરંતુ દરેક વ્યક્તિના જીવનમાં સમૃદ્ધિ લાવવાના સરકારના સંકલ્પને પણ મજબૂતી મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# JHARKHAND

ઝારખંડમાં, CID એ 14મી JPSC પ્રિલિમિનરી પરીક્ષામાં કથિત ગેરરીતિઓના સંબંધમાં રાંચીના રતુ રોડ વિસ્તારમાંથી કોચિંગ સેન્ટર ઓપરેટર સંજીત કુમારની ધરપકડ કરી છે.

શિવાંગન કોચિંગ ચલાવતો સંજીત કથિત રીતે એજન્ટ તરીકે કામ કરતો હતો અને ઉમેદવારો પાસેથી પૈસા ઉઘરાવતો હતો, તેમને પરીક્ષા પાસ કરવામાં મદદ કરવાનું વચન આપતો હતો.

JSSC CGL પરીક્ષા ગેરરીતિ કેસમાં એક અલગ કાર્યવાહીમાં, CID એ પશ્ચિમ બંગાળના પશ્ચિમ બર્દવાનમાં પૂર્વ કેંડા કોલોનીમાંથી વોન્ટેડ આરોપી દિલીપ કુમાર પાસવાનની ધરપકડ કરી હતી. તેના પર JSSC CGL પરીક્ષામાં બેઠેલા ઘણા ઉમેદવારોને અનુચિત સહાય પૂરી પાડવાનો આરોપ છે અને તેને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

# CBI- CASE

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મેનેજર દિશા સલિયનના મૃત્યુના સંદર્ભમાં FIR નોંધી છે.

સલિયનનું 8 જૂન, 2020 ના રોજ એક ઇમારતના 12મા માળેથી પડી જવાથી મૃત્યુ થયું હતું. બોમ્બે હાઇકોર્ટના આદેશ બાદ આ FIR નોંધવામાં આવી હતી. તેમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, આદિત્ય ઠાકરે, તેમના સુરક્ષા કર્મચારીઓ, ડીનો મોરિયા, રોહન રોય, સૂરજ પંચોલી, રિયા ચક્રવર્તી, શૌવિક ચક્રવર્તી અને પોલીસ અધિકારીઓ સચિન વાઝે અને પરમ બીર સિંહ સહિત અનેક વ્યક્તિઓના નામ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDIAN AIR FORCES

ભારતીય વાયુસેનાની પહેલી ડ્રોનાથન-2026 જેસલમેરના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે શરૂ થઈ છે.

ત્રણ દિવસીય આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય 'આત્મનિર્ભર ભારત'ના રાષ્ટ્રીય ધ્યેયને મજબૂત બનાવવા અને માનવરહિત સિસ્ટમ ક્ષેત્રમાં ભારતીય વાયુસેનાની કાર્યકારી ક્ષમતાઓને વધારવાનો છે. તે સ્થાનિક ઉત્પાદકોને માનવરહિત એરિયલ સિસ્ટમ્સ (UAS) અને કાઉન્ટર-UAS ટેકનોલોજીમાં તેમની ક્ષમતાઓ અને પ્રગતિ દર્શાવવા માટે એકસાથે લાવે છે.

# WCEF

વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ (WCEF) 2026 આજથી ગુજરાતના ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે શરૂ થવા જઈ રહ્યું છે. દક્ષિણ એશિયામાં પ્રથમ વખત આયોજિત આ પરિષદનું ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. 'સર્ક્યુલર ઇકોનોમી: લોકો અને સમૃદ્ધિ માટે સંક્રમણ' થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં 65 થી વધુ દેશોના 2,000 થી વધુ હિસ્સેદારો એકઠા થશે.

(સાંભળીએ એક અહેવાલ –અપર્ણા ખૂંટ)

# NEPAL ELECTRICITY

સરકારે આ વર્ષે 31 ડિસેમ્બર સુધી નેપાળ વિદ્યુત સત્તામંડળને 18 કલાક વીજળી નિકાસ કરવાની મંજૂરી આપી છે.

ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે મુઝફ્ફરપુર-ધાલ્કેબાર લાઇન દ્વારા છસો મેગાવોટ અને ટનકપુર-મહેન્દ્રનગર લાઇન દ્વારા 54 મેગાવોટ વીજળી નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

(સાંભળીએ એક અહેવાલ – નવીન શકસેના)

# POK

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરના માનવ અધિકાર પરિષદે પ્રદેશમાં, ખાસ કરીને રાવલકોટ, પૂંછ અને સુધનુતી જિલ્લામાં લાંબા સમય સુધી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને અશાંતિ પર ચિંતા વ્યક્ત કરી છે.

માનવ અધિકાર સંસ્થાએ જણાવ્યું હતું કે પ્રદર્શનોને હવે 100 દિવસ પૂર્ણ થયા છે, જેના કારણે અનિશ્ચિતતા સર્જાઈ રહી છે. અર્થપૂર્ણ વાતચીતમાં વધુ વિલંબ જાહેર હતાશા, અવિશ્વાસ અને અસ્થિરતાને વધુ તીવ્ર બનાવી શકે છે. સાંભળીએ એક અહેવાલ

(વોઇસ કાસ્ટ -વૈષ્ણવી)

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે બીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

રવિવારે પહેલી મેચમાં સાત વિકેટથી જીત મેળવ્યા બાદ ભારત ત્રણ મેચની શ્રેણીમાં એક-શૂન્યથી આગળ છે.અભિષેક શર્માએ 32 બોલમાં 82 રન અને ઇશાન કિશનના 42 રનના બનાવતા ભારતે, અફઘાનિસ્તાનના 157 રનના લક્ષ્યાંકને 13.4 ઓવરમાં ત્રણ સાથે પૂર્ણ કરો હતો.

અગાઉ, બેટિંગમાં ઉતરેલા, અફઘાનિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 156 રન બનાવ્યા.શ્રેણીની ત્રીજી મેચ ગુરુવારે આ જ સ્થળે રમાશે

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે..
- સંદેશની હેડલાઈન છે દિશા સાલિયાન કેસ-ઉદ્ધવ- આદિત્ય સામે FIR
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે લો કરો વાત, જથ્થાબંધ ફુગાવો 9.92 ટકાને પાર... પાકિસ્તાનીના હસ્તે ટ્રોફી નહીં, ભારતીય વિમેન્સ ટીમનો હુંકાર- મોહસિન નકવીની ફરી ફજેતી...
- નવગુજરાત સમય લખે છે દુષ્કાળમા રાહત, સાર્વત્રિક વરસાદ- વલ્લભીપુરમા 6.10 ઈંચ
- ફૂલછાબની હેડલાઈન છે ગુજરાતમા કૃત્રિમ સૂર્યોદય.... વિઘ્નહર્તા મેઘરાજા- 250 તાલુકામા વરસાદ...
- દિવ્ય ભાસ્કરનુ મુખ્ય શિર્ષક છે શ્રીજીનો જળાભિષેક... ચોમાસાની વિદાય પહેલા ગુજરાતમા 4 સિસ્ટમ સક્રિય, અત્યાર સુધી 80 ટકા વરસાદ..
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો વરસાદના કારણે અમદાવાદમા સિંધુભવન રોડ પાણી પાણી, નારોલમા એસટી બસ ફસાઈ, ચાંદખેડામા વાહનો ફસાયા...બાપ્પા આવ્યાને મેઘમહેર વરસાવી- મુરઝાતા પાકને મળ્યુ જીવનદાન...ગુજરાતમા બે દિવસ ભારે વરસાદની આગાહી.